પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૯, બુધવાર; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર ભારત સહિત પોક-પાકમાં ભૂકંપ

**મીરપુર ખાતે ભારે તબાહી : ૨૫થી વધુના મોત, સેંકડો લોકો ઘાયલ : મૃતાંક વધવાની દહેશત : બચાવ-રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી : મોટી સંખ્યામાં રસ્તાઓ તુટી ગયા : ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી : તીવ્રતા ૭.૧ : દિલ્હી-એનસીઆર, ચંડીગઢ, જમ્મૂ-કાશ્મીર, રાજસ્થાન, પંજાબ, હરિયાણામાં ભૂકંપના આંચકા અનુભવાયા : ભૂકંપનું કેન્દ્રબિંદુ પાકિસ્તાનના રાવલપિંડીથી નજીક જાટલાન હતું**

ન્યુ દિલ્હી,તા.૨૪

આજે સાંજે ૪.૩૫ કલાકની આજુબાજુમાં પાકિસ્તાન અને સમગ્ર ઉત્તર ભારતમાં ૬.૩ની તીવ્રતા ધરાવતા ભૂકંપની ઝટકા અનુભવાયા હતા. ભૂકંપની કેન્દ્રબીંદુ પીઓકેના જાટલાન વિસ્તારમાં હોવાનું અનુમાન છે. પ્રાથમિક અહેવાલો અુસાર પીઓકેમાં ભૂકંપના કારણે મોટું નુકસાન થયું છે. ૫ લોકોનાં મોત થયા છે અને ૫૦થી વધુ ઘાયલ થયા છે. પીઓકેમાં સડકોમાં બે ફાડ પડી ગઈ છે અને કેટલીક ગાડીઓ પણ સડક વચ્ચે પડેલા ખાડામાં ફસાઈ ગઈ હતી.

ભારતમાં જમ્મુ-કાશ્મીરથી માંડીને દિલ્હી-એનસીઆર અને રાજસ્થાન સુધી ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ભૂકંપના ઝટકાનો અહેસાસ થતાં જ હાઈરાઈઝ બિલ્ડિંગોમાં રહેતા લોકો અને ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ દોડીને બહાર સડક પર આવી ગયા હતા. સાંજે ૪.૪૦ કલાકે એકથી વધુ વખત ભૂકંપના ઝટકાનો લોકોને અહેસાસ થયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની





તીવ્રતા ૬.૩ આંકવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ પાકિસ્તાનના રાવલપિંડીથી નજીક જાટલાન હતું. પીઓકેના મીરપુરના જાટલાનમાં એક નહેરના કિનારેથી પસાર થતી આખી સડક સંપૂર્ણપણે જમીનમાં ઉતરી ગઈ છે અને રોડ પર ઊભેલા વાહન તેમાં ફસાઈ ગયા છે. આટલું જ નહીં અહીં મોટી સંખ્યામાં મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે. ઝેલમ નદી પર બનેલા મંગલા ડેમમાંથી આ નહેર નિકળે છે. નહેર પર બનેલો એક પુલ પણ તુટી ગયો છે. પાકિસ્તાનની જિયો ન્યૂઝ ચેનલ અનુસાર નહેરના કિનારે લગભગ ૨૦ ગામ વસેલા છે, જેમાં હજારો લોકો ભૂકંપના કારણે મુશ્કેલીમાં ફસાયેલા હોઈ શકે છે.

ભારતમાં જમ્મુ-કાશ્મીરના રાજોરી, પુંછ, જમ્મુ, ઉધમપુર અને રામબનના કેટલાક વિસ્તારોમાં ભૂકંપની ઊંચી તીવ્રતા અનુભવાઈ હતી. જમ્મુ-કાશ્મીર ઉપરાંત દિલ્હી અને એનસીઆરના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના ઝટકા અનુભવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાન આર્મી અને ISIએ અલકાયદાને ટ્રેનિંગ આપી : ઈમરાન

ન્યૂયોર્ક,તા.૨૪

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને માન્યું કે ખૂંખાર આતંકી સંગઠન અલ કાયદાની ટ્રેનિંગ તેમના જ દેશમાં અપાઈ હતી. આ આતંકવાદ પર પાકિસ્તાનના સૌથી મોટા કબૂલનામાઓમાંથી એક છે. ઓસામા બિન લાદેનના નેતૃત્વવાળા આતંકવાદી સંગઠન અલ કાયદાએ ૯/૧૧ જેવા ખતરનાક આતંકવાદી વારદાતને અંજામ આપ્યો હતો. અમેરિકન થિંક ટેક કાઉન્સિલ ઑન ફોરેન રિલેશન્સ (સીએફઆર)માં ઈમરાને કહ્યું કે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલા પહેલા અલ કાયદાના આતંકવાદીઓને પાકિસ્તાની આર્મી અને આઈએસઆઈ એ ટ્રેનિંગ આપી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાનની સરકારે ૯/૧૧ની વિનાશકારી વારદાત બાદ એ આતંકી ગ્રૂપના પ્રત્યે પોતાની નીતિ બદલી નાંખી,

● અનુસંધાન પાન-૭ પર

## રેપો રેટમાં વધુ ઘટાડાના અણસાર

**મોટા ભાગના નિષ્ણાંતો ઘટાડાને લઇને આશાવાદી : ૮૪ ટકા નિષ્ણાંત રેટમાં ઘટાડો થશે તેમ માને છે**

મુંબઈ,તા. ૨૪

આર્થિક સુસ્તીના માહોલમાં આરબીઆઇ બેન્માર્ક રેટમાં વધુ ઘટાડો કરવા માટે તૈયાર છે. પ્રાપ્ત માહિતી મુજબ મોટા ભાગના અર્થશાસ્ત્રી માની રહ્યા છે કે રેટમાં ઘટાડો કરવામાં આવનાર છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા બજારમાં નવા પ્રાણ ફુંકવા માટે શ્રેણીબદ્ધ જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી બદલાઈ રહી છે. આરબીઆઇ દ્વારા રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે પહેલા ૨૫-૪૦ ટકા સુધી રેટમાં કાપની અપેક્ષા હતી. જો કે હવે ઓછો ઘટાડો કરવામાં આવનાર છે. રેટમાં કાપ મુકાશે કે કેમ તે અંગે હાલમાં જુદા જુદા નિષ્ણાંતોને લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેટમાં ઘટાડો કરવામાં આવનાર છે.

કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ શેરબજારમાં હાલમાં તેજી ડામી હતી. જો કે હવે તમામની નજર આરબીઆઈની પોલીસી સમીક્ષા બેઠક પર કેન્દ્રિત થઈ ગઈ છે. શેરબજારમાં સરકાર દ્વારા પગલા લેવામાં આવ્યા બાદ હાલમાં દિવાળી જેવી તેજી રહી શકે છે. આના માટે સરકારના વિવિધ પગલા જવાબદાર છે. હાલના વર્ષોમાં સરકારે રેટમાં સતત ઘટાડો કર્યો છે. ટેક્સ સુધારાની દિશામાં સરકાર દ્વારા પહેલ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા સતત પગલા લેવાઈ રહ્યા છે.

## જરૂર પડ્યે બિહારમાં એકલા હાથે વિધાનસભા ચૂંટણી લડીશું

**જેડીયુની વર્તણૂંક સંદર્ભે ભાજપ સાંસદ ગિરીરાજસિંહનો હૂંકાર**

પટના, તા.૨૪

અત્યારે તો એનડીએના ઘટકપક્ષો સંગઠિત છે. પરંતુ તેમાંથી કોઈને ભાજપ સામે વાંધો હોય તો અમે જરૂર પડ્યે બિહારમાં એકલા હાથે વિધાનસભાની ચૂંટણી લડીશું એવો હુંકાર ભાજપના નેતા ગિરિરાજ સિંહે કર્યો હતો.

ફાયર બ્રાન્ડ ગણાતા કેન્દ્રીય પ્રધાને કહ્યું કે ભાજપ એકલે હાથે ચૂંટણી લડતાં ડરતો કે ખચકાતો નથી. તેમણે કહ્યું કે કોણ મારા માટે શું બોલે છે એની મને જાણ નથી અને એની પરવા પણ નથી. હું મારા વિચારો બેધડક રજૂ કરું છું અને ટ્વીટર પર મેં મારા વિચારો જરાય શબ્દો ચોર્યા વિના રજૂ કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**સીયાચીન પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકાશે**

સેના પ્રમુખ બિપીન રાવતે એક સંમેલનમાં હાજરી આપતા જણાવ્યુ કે ભારતીય સેના સિયાચીન ગ્લેશિયર સહિત ઘણા ચેકપોસ્ટને સામાન્ય નાગરિકો માટે ખોલવા અંગે વિચારણા કરી રહી છે. સિયાચીન દુનિયાનુ સૌથી ઉંચુ યુદ્ધક્ષેત્ર છે.

**ચિદમ્બરમની જામીન અરજી પર સુનવણી ટળી**

આઈએનએફ મીડિયા કેસમાં ધરપકડ કરાયેલ પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમની જામીન અરજી અંગેની સુનવણી બુધવાર સુધી ટળી ગઈ છે. તેમની તરફથી અભિષેક મનુ સિંઘવી દલીલો રજૂ કરશે.

**ફાર્બ્સની યાદીમાં ઈન્ફોસીસ ત્રીજા ક્રમે**

ભારતીય આઈટી કંપની ઈન્ફોસીસ વિશ્વની ૨૫૦ કંપનીઓમાંથી ત્રીજા સૌથી સન્માનિત કંપની બની છે. ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલ કંપનીઓની સૂચીમાં ઈન્ફોસીસનુ સ્થાન ત્રીજુ છે. પ્રથમ ક્રમે ઈટાલીની ફેરારી કંપની છે.

**બિહારમાં ૮ લાખની ડુંગળીની ચોરી**

દેશભરમાં ડુંગળીની સતત વધી રહેલી કિંમતો વચ્ચે બિહારમાં લાખો રૂપિયાની ડુંગળીની ચોરીની ઘટના સામે આવી છે. પટણાના સોનારુ વિસ્તારમાં આવેલા એક ડુંગળીના ગોડાઉનમાં ચોરોએ ખાતર પાડ્યું અને ડુંગળીની ૩૨૮ બોરીની ચોરી કરી ફરાર થઈ ગયા.

## પેટ્રોલ-ડીઝલમાં આગ : ડુંગળીએ રડાવ્યા

**મોંઘવારીનો માર : પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત ૮માં દિવસે વધારો : ૧૫-૨૦ રૂપિયે વેચાતી ડુંગળીના ભાવમાં ચાર ગણો વધારો, હાલ ભાવ ૭૦-૮૦ રૂપિયે કિલો, નવરાત્રિ-દિવાળીના તહેવારો પહેલા મોંઘવારીથી માર્કેટ પર અસર પડવાની સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૨૪

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવોની સાથોસાથ શાકભાજીના ભાવ આસામાને પહોંચી ગયા છે. એક તરફ ડુંગળીની કિંમતો આંખમાં આંસુ લાવી રહી છે તો ટામેટાં પણ લોકોના ખિસ્સા ઢીલા કરી રહ્યા છે. માર્કેટ નિષ્ણાતોનું માનવું છે કે, હજુ તહેવારોની સીઝનમાં શાકભાજીના ભાવ વધુ લાલ થઈ શકે છે.

હાલના સમયમાં ડુંગળીની કિંમતોમાં પણ તેજીની સાથે વધારો જોવા મળી રહ્યો છે જેના કારણે રસોડાનું બજેટ બગડી ગયું છે. ડુંગળીની કિંમત ૭૦-૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. ભાવ વધારા પહેલા ડુંગળી ૧૫-૨૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતી હતી. જથ્થાબંધ વેપારીઓનું માનવું છે કે, ડુંગળીના ભાવોમાં વધુ ભડકો થઈ શકે છે.






શાકભાજીના ભાવમાં પહેલાંની સરખામણીમાં ૫૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. વરસાદના કારણે બહારના રાજ્યોમાંથી આવતી શાકભાજી પલળી જતાં ખરાબ થઈ જાય છે. જેના કારણે શાકભાજીની અછત વર્તાઈ છે. બીજીતરફ ગરીબોની કસ્તુરી કહેવાતી ડુંગળી પણ લોકોને રડાવી રહી છે. કર્ણાટક, આંધ્રમાં વરસાદથી તહેવારોની મોસમમાં જ ડુંગળીના ભાવ આસમાને પહોંચી ગયા છે. વરસાદના કારણે ખેડૂતોનો પાક ખરાબ થઈ ગયો છે અને રાજ્યભરની શાકમાર્કેટમાં આવક ઘટી છે. પરિણામે ડુંગળીના ભાવ વધી ગયા છે. મધ્યપ્રદેશ રાજસ્થાનમાં પણ વરસાદના કારણે ડુંગળી બગડી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્પીડ સ્ટાર જસપ્રિત બુમરાહ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી ગુમાવશે

**ઇજાગ્રસ્ત થતાં જસપ્રિત બુમરાહની જગ્યા ઉપર ઉમેશ યાદવનો સમાવેશ કરાયો**



નવીદિલ્હી,તા.૨૪

ટીમ ઈન્ડિયાના યુવા ઝડપી બોલર જસપ્રિત બુમરાહ ઈજાગ્રસ્ત થવાના કારણે આગામી ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. આની સાથે જ ભારતીય ટીમને ટેસ્ટ શ્રેણી પહેલા મોટો ફટકો પડ્યો છે. ભારતીય ટીમ આફ્રિકા ટીમની સામે બીજી ઓક્ટોબરથી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી રમનાર છે. આ શ્રેણી ટેસ્ટ ચેમ્પિયનશીપના હિસ્સા તરીકે છે. વેસ્ટઈન્ડિઝમાં શાનદાર બોલિંગ કરનાર બુમરાહને જગ્યા મળી શકી નથી. બુમરાહ ઈજાગ્રસ્ત થયા બાદ પસંદગીકારોએ તેની જગ્યા પર ઉમેશ યાદવને તક આપી છે. બીસીસીઆઈ દ્વારા ટ્વિટર હેન્ડલ પર આ અંગેની માહિતી આપી છે. બીસીસીઆઈના કહેવા મુજબ જસપ્રિત બુમરાહને લોવર બેકમાં નાનકડી ઈજા થયેલી છે. સ્ટ્રેસ ફ્રેક્ચરની સ્થિતિ છે જેના લીધે બુમરાહ ગાંધી-મંડેલા ટેસ્ટ શ્રેણીમાં રમી શકશે નહીં. બુમરાહ આ ઈજા થયા બાદ સારવાર માટે એનસીએમાં સારવાર લેવા માટે પહોંચશે. આ ગાળા દરમિયાન બુમરાહ બીસીસીઆઈની મેડિકલ ટીમની બાજ નજર હેઠળ રહેશે. બુમરાહની આ ઈજા અંગેની માહિતી ખેલાડીઓમાં રૂટિન ચેકઅપ દરમિયાન જાણવા મળી હતી. ઉમેશ યાદવે ભારત તરફથી ઓસ્ટ્રેલિયાની સામે છેલ્લે ડિસેમ્બર ૨૦૧૮માં ટેસ્ટ મેચ રમી હતી. ઉમેશ યાદવ ભારત તરફથી ૪૧ ટેસ્ટ મેચ રમી ચુક્યો છે અને તેના નામ ઉપર ૪૩ રનની સરેરાશ સાથે ૧૧૯ વિકેટો છે. ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમ બીજી ઓક્ટોબરથી વિશાખાપટ્ટનમમાં આ ટેસ્ટ શ્રેણીની શરૂઆત કરનાર છે. હાલમાં જ ટ્વેન્ટી શ્રેણી રમાઈ ચુકી છે. આ બંને ટીમોએ એક-એક મેચ જીતી હતી. ટેસ્ટ શ્રેણીને લઈને ભારે રોમાંચની સ્થિતિ પ્રવર્તી રહી છે. ટ્વેન્ટી શ્રેણીમાં બંને ટીમોએ જોરદાર દેખાવ કર્યો હતો. કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમમાં ઉમેશ યાદવની પસંદગી કરવામાં આવી છે. ટીમમાં શુભમન ગિલને પણ તક મળી છે.

## ટ્રમ્પ-ઈમરાન વચ્ચે મંત્રણા

**અફઘાનિસ્તાન, ભારત ,ઇરાનનો ઇમરાન ખાને ઉલ્લેખ કર્યો ત્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારે મોજ લીધી : ટ્રમ્પ પાકિસ્તાની પત્રકારોની મોજ લેતા દેખાયા**

નવી દિલ્હી,તા. ૨૪

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં ભાગ લેવા માટે અમેરિકા પહોંચેલા પાકિસ્તાનનાના વડાપ્રધાન ઈમરાન ખાનો અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કરી છે. આ વાતચીત દરમિયાન બંને નેતાઓ પત્રકારો સમક્ષ પણ ઉપસ્થિત થયા હતા. આ ગાળા દરમિયાન ટ્રમ્પે ઈમરાનખાનની એ વખતે મોજ લઈ લીધી હતી જ્યારે ઈમરાને પડોશી દેશ અફઘાનિસ્તાન, ભારત અને ઈરાનનો ઉલ્લેખ કર્યો હતો. આ ગાળા દરમિયાન પાકિસ્તાની પત્રકારોએ કાશ્મીર પર સવાલ કર્યા હતા. જેના જવાબમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જોરદાર ફટકાર લગાવી હતી. સાથે સાથે ઈમરાનને પ્રશ્ન પણ કર્યો હતો કે આવા પત્રકારો તમે ક્યાંથી લાવો છો. આ બાબતને



લઈને પાકિસ્તાની વડાપ્રધાન હેરાન રહી ગયા હતા. તેમના ચહેરા પર આવભાવ સ્પષ્ટ પણે દેખાઈ રહ્યા હતા. સવાલ અને જવાબના ગાળા દરમિયાન ટ્રમ્પે ઈમરાન ખાન અને પાકિસ્તાની પત્રકારોની મજા લીધી હતી. કાશ્મીર પર પાકિસ્તાની પ્રોપેગેન્ડાને વધારી દેવાના મામલે

● અનુસંધાન પાન-૭ પર

## સોશિયલ મીડિયાના દુર ઉપયોગ સામે સરકાર જરૂરી માર્ગદર્શન આપે : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૪

સોશ્યલ મીડિયાના વધતા જતા દુરપયોગ સામે સુપ્રીમ કોર્ટે પણ ચિંતા વ્યક્ત કરીને સરકારને આ બાબતે કાર્યવાહી કરવા માટે કહ્યું છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટીસ દિપક ગુપ્તાએ કહ્યુ હતુ કે, સોશ્યલ મીડિયાના દુરપયોગ રોકવા માટે આકરી ગાઈડલાઈન સરકારે બનાવવી જોઈએ. દરેકની પ્રાઈવસીની રક્ષા થવી જોઈએ. સરકારે આ બાબતને પ્રાથમિકતા આપવાની જરુર છે.

મને તો થાય છે કે હું સ્માર્ટ ફોન વાપરવાનો જ બંધ કરી દઉં. આપણે કેમ ઈન્ટરનેટ માટે આટલા બધા ચિંતિત હોઈએ છે?આપણને દેશની પણ ચિંતા હોવી જોઈએ.

www.chipsairexp.com
CHIPS EXPRESS
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
અટરીયા-ઘ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225